ભરપૂર જીવન

મૂળ લેખક: વી. ડી. ડેવીડ (તામીલ સુવાર્તિક)

ભાષાંતરકર્તા :

મિ. એ. ઓ. પટેલ

કિંમત ૬ પાઈ

ભરપૂર જીવન

"તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું." યોહાન ૧૦; ૧૦.

ભરપૂર જીવન અને તે આપણામાં ભરપૂરપણે કેવી રીતે પ્રવેશ કરે તે વિષે તમારી આગળ વધારે વિવેચન કરવાની મને કોઈપણ જરૂરિયાત જણાતી નથી, કારણ કે જે વખતે પ્રભુ ઈસુ આપણા જીવનમાં પ્રવેશ કરે છે તેજ વખતે દરેક મનુષ્યનું તે શુદ્ધિકરણ કરે છે અને તેના હૃદયમાં પોતાનો વાસો કરીને પોતે તેને ભરપૂર કરે છે. શુદ્ધિકરણ અને આપણા જીવનમાં ભરપૂરપણાથી પ્રભુ ઈસુ ખ્રિસ્તનો પ્રવેશ એ બન્ને કામો એક જ સાથે થાય છે. વિશ્વાસથી શુદ્ધિકરણ, અને આ ભરપૂર જીવન, અથવા આપણા આકાશવાસી બાપનું એ બાબતે આપેલું વચન આપણે વિશ્વાસથી પામીએ (ગલાતી. ૩; ૧૪).

હવે આ જે શાહેદી મેં તમારી આગળ પૂરી છે તેને મહોર મારીને બંધ કરૂં છું. આ મારો સંદેશો જરા પણ કલ્પિત નથી, પરંતુ તે મારા પોતાના જીવનમાં તેમજ મારા વ્યવહારમાં છે. જેટલું મને શીખવવામાં આવ્યું છે તેટલુંજ કેવળ હું તમને શીખવતો નથી, પરંતુ જે મને મળ્યું છે અને જે મારા પોતામાં છે તે બધું હું તમને કહેવા માગું છું. આ મારી શાહેદી એક નવોજ પ્રકાશ પાડી તમને ભરપૂર જીવન અને તેના ભરપૂરપણાના પ્રવેશ વિષેનો સત્ય માર્ગ જરૂર દેખાડશે, તેથી હું આપ સર્વને વિનંતી કરૂં છું કે મહેરબાની કરીને મારી વાતને કાન દો અને આ ભરપૂર જીવનને વિશ્વાસથી તમારા જીવનમાં પ્રવેશ કરવા દો. પરંતુ તે પહેલાં આપણા તારનારના શિષ્યો પચાસમાના દિવસ પહેલાં અને પછી કેવા હતા તે વિષે હું થોડુંક કહું છું.

જ્યારે શિષ્યોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તને આકાશગમન કરતા જોયા ત્યારે હવે શું કરવું તે તેઓને જરાયે સૂઝ્યું નહિ, તેથી તેઓ બહુ જ

દિલગીર થયા. ખ્રિસ્તે તેમને કહ્યું, કે "જ્યાં સુધી આકાશમાંના બાપનું વચન તમારી પાસે ન આવે ત્યાંસુધી યરૂશાલેમની બહાર જવું નહિ, પરંતુ ત્યાં જ રહેવું." તેઓ જોકે શિષ્યો હતા ખરા, તોપણ આ વખતે પવિત્ર-આત્માથી અભિષિક્ત કરેલા પાઊલ જેવા ન હતા. જોકે તેઓ સુવાર્તા પ્રગટ કરતા હતા તોપણ તેઓમાં જે હિંમત અને પરાક્રમ જોઇએ તે ન હતાં. જોકે તેઓમાં જીવન હતું, તોપણ તે ભરપૂર જીવન ન હતું, તેથી જ પ્રભુ ઇસુએ તેઓને આજ્ઞા કરી, કે "જ્યાં સુધી તમે આકાશમાંના પરાક્રમે વેષ્ટિત થાઓ નહિ, ત્યાં સુધી તમે યરૂશાલેમમાં જ રહેજો, અને જ્યારે પવિત્ર આત્મા તમારા ઉપર આવે ત્યારે પહેલાં તમે યરૂશાલેમમાં, પછી યહૂદાહમાં અને છેલ્લે સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી જજો." તેઓ દશ દિવસ સુધી ત્યાં જ થોભ્યા. આ દરમિયાન, તેઓ દેવળમાં અને જે ઘરમાં રહેતા હતા તેના ઉપલા માળે, પુરુષો તેમજ સ્ત્રીઓ પ્રાર્થના અને સ્તુતિ કરતાં કરતાં યહોવાહના વચનની રાહ જોવા લાગ્યાં. આમ જ્યારે તેઓ તેના વચનની રાહ જોતાં હતાં ત્યારે હું માનું છું અને મને વિશ્વાસ છે, કે પોતપોતાનું ઘાતકીપણું, ભૂતકાળનાં પાપો, કુકર્મો અને અવિશ્વાસ એ સઘળાં તેમની આંખ આગળ તરવરવા લાગ્યાં. તેથી જ યહોવાહ દેવે તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે, તે માટે તૈયાર કર્યાં. તૈયાર અને લાયક થવાની તેમને ખાસ અગત્ય હતી. પ્રભુ ઇસુ ખ્રિસ્ત જ્યારે આ જગતમાં તેઓની સાથે હતા તે વખતનું તેમનું જીવન કેવું હતું તે પણ તપાસ કરવાની ખાસ જરૂરિયાત હતી. આ દિવ્ય શક્તિ, પવિત્ર આત્મા તેઓ પર આવે તે પહેલાં તેઓ પોતપોતાનાં પાપો જોઇ અને તપાસ કરે એ ખાસ જરૂરનું હતું. જો પરમેશ્વરની ઇચ્છા હોત તો એક જ દિવસમાં તેઓને તે પવિત્ર આત્માથી વેષ્ટિત કરી શકત, પરંતુ તેણે તેમ કર્યું નહિ, કારણ કે જ્યાં સુધી તેઓ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામવાને લાયક થાય નહિ ત્યાં સુધી તેણે તેમને યરૂશાલેમમાં રહેવાની આજ્ઞા કરી. જ્યારે તે માટે તેઓ લાયક બન્યા ત્યારે બરાબર તેજ પ્રસંગે તેઓ ઉપર પવિત્ર આત્માની વૃષ્ટિ કરવામાં આવી, અને તેઓ સર્વ તે વડે વેષ્ટિત થયા. તમે જુઓ! જ્યારે પવિત્ર આત્મા તેઓ પર આવ્યો ત્યારે પીતરે શું શું કર્યું? તે એકદમ

બહારની દુનિયામાં ગયો અને સુવાર્તા પ્રગટ કરવા લાગ્યો. આ પહેલાં તો તે બહુ જ બીતો હતો. સુવાર્તા કેવી રીતે પ્રગટ કરવી એની પણ તેને સમજ ન હતી, તોપણ હવે તેણે જાહેર મહોલ્લાઓમાં પોતાનું મુખ સુવાર્તા પ્રગટ કરવા સારુ ઉઘાડયું, અને એક જ સભામાં ત્રણ હજાર માણસો ખ્રિસ્તની પાછળ ચાલનારા થયા. આ જમાનામાં માણસો ત્રીસ, ચાળીસ અથવા સાઠ સાઠ ભાષણો કરે છે, પરંતુ નવાઇની વાત તો એ છે, કે આટલી આટલી સભાઓ ભરતાં છતાં કોઇ વાર એક કે બે અને ઘણી વાર તો કોઈપણ ખ્રિસ્તી થતું નથી. પીતરે તો માત્ર એક જ સભા ભરી તોપણ તે વખતે ત્રણ હજાર માણસો ખ્રિસ્તી થયાં. એ કેટલું અજાયબ છે! કેવળ પરમેશ્વરની શક્તિ વગર એ થઇ જ ન શકે.

મારા વ્હાલા મિત્રો, જો આ પરાક્રમ અને દિવ્ય શક્તિ તમારામાં ન હોય તો તમારાં સઘળાં ભાષણો અને સુવાર્તિક કામો કંઈ પણ ફળ ઉપજાવી શકશે જ નહિ. ભલે, તમે પચીસ હજાર વર્ષો સુધી ઉપદેશો કર્યા જ કરો અને સભાઓ ભર્યા જ કરો તોપણ તમને તેનું કંઇ જ ફળ પ્રાપ્ત થશે નહિ. તમે પોતાથી બનતું સઘળું કરશો તોયે તે બધું ફોગટ જશે. આ તો કેવળ તમારી આત્મિક કસરત જેવું જ છે. જો તમને આ ભરપૂર જીવન નહિ જ મળે તો તમારું આ ખ્રિસ્તી જીવન જીવવા લાયક જ નથી.

એટલું જ નહિ, પરંતુ શિષ્યોને જ્યારે આ ભરપૂર જીવન પ્રાપ્ત થયું ત્યારે તેઓ પ્રભુ ઇસુ ખ્રિસ્તની ખાતર બધી જાતની મુશ્કેલીઓ આનંદથી સહન કરવા લાગ્યા. તેઓનું એ જીવન કેટલું બધું અજાયબ જેવું હતું! માણસો માંહેમાંહે કહેવા લાગ્યા કે આ માણસો કોણ છે? અરે! શું તેઓ ગાલીલના નથી? અને જાણે તેમને અધિકાર હોય તેમ તેઓ કેવા પરાક્રમથી સુવાર્તા પ્રગટ કરે છે! તેઓ કેટલા બધા આનંદિત દેખાય છે! અને જુઓ તો ખરા, ખ્રિસ્તની ખાતર તેઓ કેટલી બધી મુશ્કેલીઓ અને કેટલાં બધાં દુ:ખ સહન કરે છે? પહેલાં તો આવું પરાક્રમ તેઓમાં ન હતું. આનું ખરું કારણ શું હશે? કારણ તો એ હતું કે તેઓને જીવન અને તે ભરપૂર જીવન—પવિત્ર આત્માનું બાપ્તિસ્મા—મળ્યું હતું. વ્હાલા ભાઇઓ, તમે પહેલાવહેલથી જ જન્મ્યા છો. તમે પરમેશ્વરની સાથે ચાલો

છો, પરંતુ તમે પવિત્ર આત્માથી ભરેલા છો કે? જો તમે પરમેશ્વરથી વેષ્ટિત નહિ થાઓ તો તમારાં કાર્યોમાં તેની દિવ્ય શક્તિ અને પરાક્રમ દેખાશે જ નહિ.

ઘણા પાદરીઓ, સાબ્બાથશાળાના શિક્ષકો અને ખ્રિસ્તી કામદારો શા માટે કામથી થાકી અને કંટાળી જાય છે? તેઓ તો પોતપોતા માટે અને જેમ ચાલતું આવે છે તેમ કરતાં રૂઢિ પ્રમાણે કામ કરે છે. કેટલાએક પોતાના બળથી જ કામ કરે છે. તેઓમાં દેવનું પરાક્રમ હોતું નથી. ખરું કારણ તો એજ છે. તમારો દેવ પરમેશ્વર તમને મદદ કરો.

જો આ પરાક્રમ તમારે પ્રાપ્ત કરવું હોય તો આજે જ અને હમણાંજ નિશ્ચય કરો. પહેલું પગથિયું, જુદા અથવા નિરાળા થવું અને પાપથી મુક્ત થવું તે; બીજું, બાપ્તિસ્માના પવિત્ર સંસ્કારથી પવિત્ર અને શુદ્ધ થવું તે છે. પરમેશ્વરની પરમ પવિત્ર વેદી ઉપર તમે જેવા છો તેવા અને તેવા અને જે કંઇ તમારું તે સર્વસ્વનું તમે યજ્ઞાર્પણ કરો; ત્રીજું, યહોવાહની ખાતર જેવા થવું પડે તેવા થવા દૃઢ નિશ્ચય કરો; ચોથું, પ્રભુ ઇસુ ખ્રિસ્ત તમને તમારાં સર્વ પાપથી મુક્ત કરી તમને સંપૂર્ણ શુદ્ધ કરી શકે છે એવો વિશ્વાસ કરો. જો તમે આટલું જ કરશો તો તેનું પરાક્રમ તમારામાં પ્રવેશ કરવા માંડશે, અને પરમકૃપાળુ પરમેશ્વર તમારામાં પ્રવેશ કરશે અને તમે તેનાથી ભરપૂર થશો. ત્યારે જ તમે અંદર તેમજ બહાર સઘળે જીત પામશો. યહોવાહ તમને ઉપરની વાતો માનવાને અને તેના ઉપર વિશ્વાસ કરવાને મદદ કરો.

વહાલા વાચકો, હવે મને પોતાને આ ભરપૂર જીવન કેવી રીતે મળ્યું તે કહું:

મારો જન્મ દક્ષિણ હિંદમાં ઇ. સ. ૧૮૫૭માં થયો હતો. મારા પિતા મિશનના કામદાર હતા. મારા બાપદાદાઓ મૂર્તિપૂજક હતા. હું લગભગ દશેક વર્ષનો હતો ત્યારે કમભાગ્યે મારા પિતાનો સ્વર્ગવાસ થયો. એથી મારો બોજો મારી માતા ઉપર પડયો, પરંતુ આવી મુશ્કેલીમાં પણ તે મારી સંભાળ સારી પેઠે લેતી હતી. હું શાળામાં જોડાઉં અને શીખું માટે મારી માતાએ પોતાથી બનતું કર્યું, અને તેના

પ્રબળ પ્રયાસથી હું ઘણી જ નાની ઉંમરમાં એક મિશન શાળામાં દાખલ થઇ શકયો. હું લગભગ નવ વર્ષનો થયો ત્યાં સુધી મેં એજ શાળામાં અભ્યાસ કર્યો. પછી બીજી શાળામાં દાખલ થયો અને સોળ વર્ષનો થયો ત્યાંસુધી એ શાળામાં જ અભ્યાસ જારી રાખ્યો.

હું ઘણો જ અનાજ્ઞાંકિત છોકરો હતો. શિક્ષકો તો મારાથી કંટાળી ગયા અને મારી હાજરી તેમને જરા પણ ગમતી નહિ. તેઓ હમેશાં એવું ઇચ્છતા કે કોઇ પણ રીતે આ છોકરો અહીંથી ઊઠી જાય તો બહુ જ સારું થાય. હું કેટલો ખરાબ હતો! હું મારો જ કક્કો ખરો કહેવડાવતો. મારી ઇચ્છાઓ પુષ્કળ પ્રબળ હતી. ઘણી વખત તો મારી માતા પણ મને શિક્ષા કરવા કોઇ બીજા માણસને સોંપતી, અને જ્યારે મને આ પ્રમાણે શિક્ષા થતી ત્યારે આંસુ લૂછીને જેમતેમ કપડાં સમાં કરતો કરતો પાછો તેમની પાસે જતો અને કહેતો કે "બસ આટલું જ થયુંને? તમે બીજું શું કરી શકયાં?" હું આટલા બધા ઉછાંછળા સ્વભાવનો અને કઠણ હૃદયનો હતો. હું ઘણો જ મસ્તીખોર હતો, અને હમેશાં મારો વાંક બીજા પર ઢોળી પાડતો. એક વખત પાનાં રમતાં પકડાઇ જવાથી મને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો, તેથી હું બીજી શાળામાં દાખલ થયો, પરંતુ ત્યાં થોડાક મહિના ભણ્યો ન ભણ્યો એટલામાં તો હું હિંદથી સિલોનમાં નાસી ગયો.

હું સિલોનમાં ગયો ત્યાર પહેલાં તો જેટલાં ખરાબ કામ થઇ શકે તેટલાં મેં કર્યાં. શેતાને મને તેના રાજ્યના દરેકેદરેક ખૂણામાં ફેરવ્યો. અને તેની પાઠશાળામાં મને ઘણુંજ શિક્ષણ આપ્યું; દારૂ, તાડી આદિ ખૂબ પીવાં, બીડી પીવી અને જુગાર રમવા, વગેરે બાબતોનું શિક્ષણ! આ પછી તે મને દારૂના પીઠામાં લઇ ગયો અને ત્યાં દારૂ વેચવા અને તેનો હિસાબ રાખવા માટે થોડાંક વર્ષો સુધી રખાવવામાં આવ્યો. પરમેશ્વરે મને ઘણી વખત બોલાવ્યો, પરંતુ મેં તેની દરકારજ ન કરી. મેં પરમેશ્વરના સાદને કાન ન ધર્યો, અને તેને શરણે પણ ન ગયો. મારી પૂજ્ય માતા મારા ઉપર પત્રો પાઠવતી હતી, પરંતુ હું જવાબજ આપતો નહિ. ખરેખર, મેં અનેકવાર તેના કોમળ હૃદયના ચૂરેચૂરા કરી નાખ્યા. જયારે હું પીઠામાં કામ કરતો હતો ત્યારે શેતાને

મને ઘણીવાર ખરાબ અને અપ્રામાણિક જિંદગી ગુજારવા માટે પુષ્કળ પરીક્ષણો નાખીને લલચાવ્યો. આ પીઠાના માલીકને જરા પણ લખતાં-વાંચતાં આવડતું ન હતું. તે બિચારો બિલકુલ અભણ હતો, તેથી મેં મારી પોતાની મરજીમાં આવે તે પ્રમાણે તેના પૈસાનો ઉપયોગ કરવા માંડયો. આ પ્રમાણે સાત વર્ષ સુધી હું આવી જ અપ્રામાણિક સ્થિતિમાં રહ્યો. શેતાને ફરીથી એક નવા જ કામ માટે મને પ્રેર્યો; દારૂની એક નવી દુકાન એક ભાગીદાર જોડે કાઢવાનો મેં નિશ્ચય કર્યો. અહીં પણ અપ્રામાણિકપણે પુષ્કળ પૈસા પેદા કર્યા. પછીથી આ ધંધો છોડી દઇ મેં પુસ્તક બાંધવાનો ધંધો શરૂ કર્યો, પછી છબી પાડવાનો ધંધો, અને સાથે સાથે બીજા ઘણા ધંધા પણ શીખ્યો. પૈસાની પ્રાપ્તિ માટે મેં મારું સર્વસ્વ અર્પણ કરી દીધું.

આ પ્રમાણે વગર આશાએ મારું કામ ચાલુ જ રાખ્યું. હવે મને કોઇ કોઇ વાર વિચાર આવતો કે જો હું મરી જાઉં તો ક્યાં જઇશ?

પણ આ પ્રશ્ન થોડા વખત માટે જ હતો—તે વધારે વાર ટકતો નહિ. જ્યારે હું આવી સ્થિતિમાં હતો, ત્યારે મારી માતા મને હિંદમાં ફરીથી લઇ જવા આવી. તે એમ ધારતી હતી કે મારી પાસે પુષ્કળ પૈસા હશે અને મારું લગ્ન પણ થઇ શકશે, પરંતુ જ્યારે તેણે મારી કંગાલ હાલત જોઈ ત્યારે તે ઘણી જ દુ:ખી અને નિરાશ થઈ, અને મને હિંદ લઈ ગઈ. અમારા રીતરિવાજ પ્રમાણે અમારા કુટુંબમાં મારા કાકા અમારા વડીલ હોવાથી મારે માટે તેમણે એક સ્ત્રી શોધી કાઢી. મેં મારી જિંદગીમાં કોઇપણ દિવસ તેને જોઈ ન હતી. પરંતુ પરમેશ્વરે જે કંઈ કર્યું તે મારા ભલા માટે જ કર્યું હતું. જ્યારે મેં તેને જોઈ ત્યારે મને આનંદ અને સંતોષ થયો. એથી ખાસ જણાતું કે પરમેશ્વરનો હાથ અમારા લગ્નમાં હતો, અને અમારા લગ્નથી તે જરા પણ નારાજ ન હતો. તેનો મહિમા થાઓ, કારણ કે તે સર્વ સારું કરે છે.

જોકે આમ હતું તોપણ હું હજી બદલાણ પામ્યો ન હતો. જ્યારે મારું બદલાણ થયું ત્યારે મારી સ્ત્રીએ મને કહ્યું, કે "મારું લગ્ન કોઇ બદલાણ થયેલા પુરુષ જોડે થાય, એવી મેં પરમેશ્વરને લગ્ન પહેલાં

પ્રાર્થના કરી હતી." પરંતુ જ્યારે લગ્ન પ્રસંગે મારું બદલાણ ન થયું હોય એમ તેને લાગ્યું ત્યારે તે ઘણી જ નારાજ થઇ.

હવે, મારું બદલાણ કેવી રીતે થયું તે હું કહીશ.

લગ્ન બાદ ફક્ત ત્રણેક કલાક પછી મારી સ્ત્રી એક સુવાર્તાની ચોપડી લઇને આવી અને મને કહ્યું, કે "લો, આ ચોપડી, અને વાંચો." મેં તે તપાસી જોઈ અને પછી ફેંકી દીધી. આ દશ્ય જોઇને તેના હૃદયમાં સખત આઘાત થયો, કારણ કે જો કે તેણે પુષ્કળ પ્રાર્થના કરી હતી કે "હે પ્રભુ, મને એવો ધણી આપ કે જેનું બદલાણ થયેલું હોય," તોપણ હજી સુધી મારું બદલાણ થયું ન હતું. તે મારે લીધે વારે વારે છાનીમાની આંસુઓ સારતી હતી, અને મારું બદલાણ કરવા માટે જ્યારે ને ત્યારે આત્મિક બાબતો વિષે તે પુષ્કળ વાદવિવાદ કરવા લાગી, પરંતુ તેનું સાંભળવા માટે મેં જરાપણ તસ્દી લીધી નહિ. ધન્ય છે તેની હિંમતને! તે હિંમત હારી નહિ, કે તેણે આશા છોડી દીધી નહિ. તેણે સુવાર્તિક પુસ્તકો વાંચવાની મને વિનંતીઓ કરવા માંડી. છેવટે માત્ર તેને ખુશ રાખવા માટે જ હું જેમતેમ વાંચવા લાગ્યો. એક વખત તેણે "યાત્રાકારી" નામનું પુસ્તક મને વાંચવા આપ્યું. હું હસતો હસતો વાંચવા લાગ્યો અને કહ્યું કે આ પુસ્તકનો લેખક જોન બન્યન મને ઘણો જ પસંદ પડે છે અને ગમે છે.

મારું જીવન આમ બદલાતું અને સુધરતું જોઇને તે કશું જ બોલતી નહિ, પરંતુ બધો વખત આનંદથી મનમાં ને મનમાં હરખાયા કરતી.

એક વર્ષે હું શિકાર કરવા ગયો, અને ત્યાં મારી માતાના બધા પૈસા મેં ખરચી નાખ્યા, તેથી અમારા લગ્ન પછી એક વર્ષે હું મારી ધર્મપત્ની સાથે એક વાર ફરીથી સિલોન જતો રહ્યો, અને ત્યાં બહાર ખાનગી નોકરીની શોધ કરવા લાગ્યો; મારી પત્નીએ મને સી. એમ. એસ. મિશનમાં કામ કરવા પુષ્કળ સમજાવ્યો, પરંતુ હું કહેતો કે "મારે મિશનની નોકરી શા માટે કરવી? મારે મિશનના કામમાં જોડાવું જ નથી. ત્યાં વળી મને કેટલો પગાર મળવાનો? કદાચ વધારેમાં વધારે દશ રૂપિયા. માટે મિશનની નોકરી કરવાથી શો ફાયદો! મારે તો પૈસા કમાવા છે, અને જગતમાં મારે એશઆરામ કરવો છે." તે ફક્ત

એટલું જ કહી શકતી, કે "મારું કહેવું માનોને! હું કહું છું તેનો જરા તો વિચાર કરો! યહોવાહ આપણને જે કંઇ આપશે તે બસ થશે. ખોરાક અને કપડાં, વગેરેના ખર્ચની જવાબદારી હું મારા પોતા ઉપર લઉં છું." તે શું કહેવા માગતી હતી તે જરા પણ સમજ્યા વગર મેં કહ્યું, કે "મારે શા માટે તેની ચિંતા કરવી! હું તે કેવી રીતે જાણી શકું કે તું કહે છે તે પ્રમાણે થશે? મારે તો સૌથી પહેલાં પૈસાની સગવડની પૂરેપૂરી ખાતરી જોઇએ." તેનો કંઇ પણ જવાબ આપ્યા વગર તે પરમેશ્વરની પ્રાર્થના કર્યા કરતી હતી, અને ખચીત પરમેશ્વરે તેની પ્રાર્થના સાંભળી.

એક દિવસ તેણે મને પૂછ્યું કે "તમે મારી સાથે આપણા પાદરી સાહેબ મિ. રોલેન્ડસને મળવા આવશો?" મેં કહ્યું, કે ઘણી ખુશીથી. અમે જવા માટે નક્કી કર્યું. અમે એક ઘોડાગાડીમાં બેસીને જવા નીકળ્યાં, પરંતુ અમે જ્યારે પાદરી સાહેબના બંગલાના દરવાજા સુધી આવ્યાં ત્યારે મેં ગાડીવાળાને ગાડી તરત જ પાછી વાળવાનું કહ્યું. મારી સ્ત્રીને મેં કહ્યું કે "એક નજીવા પગારમાં મારે મિશનનો એજન્ટ નથી થવું. હું તને સત્ય કહું છું કે મારે થવું જ નથી. મેં બીજાઓને પુષ્કળ પૈસા આપ્યા છે. શા માટે હું મિશનરીઓ પાસેથી નકામા માસિક પગારના આઠ દશ રૂપિયા લઉં!" અમે તરત જ પાછાં ફર્યાં. આથી તે પરમેશ્વર સાથે રકઝક કરવા લાગી, અને પ્રાર્થના કરી, કે "હે પ્રભુ, તારું કામ મારો ધણી રાજીખુશીથી કરે એવી તીવ્ર ઇચ્છા તેમનામાં જાગૃત કર." પછી તેણે મારી સાથે વધારે વાત કરી નહિ.

આખરે મેં એજ સી. એમ. એસ. મિશનમાં એજન્ટનું કામ થોડાક જ પગારમાં કરવા કબૂલ કર્યું. મને પોતાને પણ ઘણું આશ્ચર્ય થયું કે મારી મરજી મિશનમાં કામ કરવા સારુ શા માટે અને કેવી રીતે જાગૃત થઈ હશે? મને શિક્ષક તરીકે રાખવામાં આવ્યો. મારું બદલાણ હજી સુધી તો થયું નહોતું. જો કે હું મારી ખરાબ ચાલચલગત માટે અપ્રખ્યાતિ પામેલો હતો, તોપણ હું ઘણો જ ધાર્મિક હોઉં એવો ડોળ કરવા લાગ્યો. થોડાક મિશન કામદારો તો મને મિશનનું કામ કરતો જોઇને અચંબો પામ્યા વગર રહી શકયા નહિ.

એક દિવસ, જ્યારે કોલોમ્બો (સિલોન) શહેરના એક મહોલ્લામાં થઈને હું પસાર થતો હતો ત્યારે, ક્યાંથી એ તો ખબર નહિ, પરંતુ મેં એક ગેબી અવાજ એમ કહેતો સાંભળ્યો, કે "ઓ ડેવીડ! ડેવીડ, તું ખોટે રસ્તે છે." આ સુબોધ મને કોઈ પાદરી કે મિશનરી તરફથી મળ્યો ન હતો, પરંતુ ખુદ પરમેશ્વર તરફથી મળ્યો હતો—"ડેવીડ, ડેવીડ, હજી તું ખોટે રસ્તે છે." આ શબ્દો મારે કાને અથડાયા કે તરત જ મારે શું કરવું તેની મને જરાએ સૂઝ પડી નહિ. આ શબ્દો સમુદ્રના ઊંડાણમાં ડૂબી જાય અને કોઇ પણ પ્રકારે ભૂલી જવાય તેને માટે મેં બનતા પ્રયાસ કર્યો, પરંતુ તે સમુદ્રના ઊંડાણમાં જવાને બદલે મારા હૃદયમાં ઊંડે અને ઊંડે જવા લાગ્યા. હું તો એમજ કહેતો કે હું તો ખોટે રસ્તે છું જ નહિ. પરંતુ આ સઘળું ભૂલવાનો વ્યર્થ પ્રયાસ કરવા જતાં ઊલટું મારા હૃદયમાં તે ઊંડું ઊતરી ગયું.

હું તરત જ ઘેર ગયો અને મારી સ્ત્રીને મેં કહ્યું કે "આજે મારા હૃદયમાં પુષ્કળ દુઃખ થાય છે અને હું પુષ્કળ દિલગીર છું. મારું હૃદય દુઃખથી ચિરાઇ જાય છે. હું કેટલો કમભાગી અને અઘોર પાપી છું!" તેણે કહ્યું કે પ્રભુની સ્તુતિ કરો. મેં કહ્યું કે "મારી આટલી બધી દુઃખદ સ્થિતિ છે અને તું શા માટે આમ કહેવાને પ્રેરાય છે?" તેણે કહ્યું, "હું હવે જાણું છું કે સર્વ સીધું અને સારું થશે, કારણકે મારા દેવ યહોવાહે મારી પ્રાર્થના સાંભળી છે, અને તેનો મને આજે જવાબ મળ્યો છે." તે શું કહેવા માગે છે તે હું સમજી શકયો નહિ, અને મારે શું કહેવું, તેની પણ સમજણ પડી નહિ. જ્યારે હું આવી દુઃખદ સ્થિતિમાં હતો ત્યારે તે પરમેશ્વરની સ્તુતિ કરતી હતી. પછી મેં તેને પૂછ્યું કે "હવે મારે શું કરવું? મારા હૃદય પર પુષ્કળ ભારનો બોજો હોય એમ મને લાગે છે. એ બોજાને કેવી રીતે દૂર કરાય તે મને કહે. જોને, હું શ્વાસ પણ બરાબર લઇ શકતો નથી. મારો શ્વાસ રૂંધાઈ જાય છે. શાંતિથી હું ખાઇ શકતો નથી, અને મીઠી નિદ્રા પણ લઈ શકતો નથી, મહેરબાની કરીને કોઇ પણ રસ્તો બતાવ." મને સત્ય માર્ગ પર લાવવા તેણે પુષ્કળ કર્યું, અને કહ્યું કે "પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો." મેં કહ્યું કે "એ તો હું પોતે પણ એ પ્રમાણે બોલી શકું છું અને જાણું પણ છું, પરંતુ વિશ્વાસ કરવો

એટલે શું એ હું જરા પણ સમજી શકતો નથી. વિશ્વાસ કરવો, પરંતુ તે કેવી રીતે? તેં કેવી રીતે વિશ્વાસ કર્યો?" મને કેવી રીતે સમજ પાડવી તે વિષે તે બિચારી જરા પણ સમજી શકી નહિ. મેં કહ્યું કે "બસ, આવી જ તમારી જાત ને! તમને એક ગરીબ પાપી માણસને ખ્રિસ્ત પાસે કેવી રીતે લાવવો એ જરા પણ આવડતું જ નથી. તું એમ કહે છે કે પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરો. એ તો હું પોતે પણ જાણું છું, અને બીજાને કહી શકું પણ છું, પરંતુ વિશ્વાસ કરવો એનો અર્થ શું છે? તેં પોતેજ કેવી રીતે વિશ્વાસ કર્યો? મને એ વિશ્વાસના માર્ગ પર લઈ જા." તે મને સમજાવવાને શક્તિમાન ન થઈ તેથી તે પુષ્કળ અફસોસ કરવા લાગી. એને લીધે તે બિચારી વારંવાર અશ્રુ સારતી હતી. એટલું સારું હતું કે પુષ્કળ નાની નાની ધાર્મિક ચોપડીઓ જેવી કે 'પ્રભુ ઈસુનું લોહી' અને 'ખાતરી' વગેરે મને વાંચવાને મળતી હતી. હું આવાં સંખ્યાબંધ ધાર્મિક પુસ્તકો વાંચવા લાગ્યો. આમ વાંચવાથી મને શાંતિ મળતી, અને મારી મુશ્કેલીઓનું પણ કંઈક અંશે નિવારણ થતું, પરંતુ મારાં પાપોની ક્ષમા કેવી રીતે કરવામાં આવશે તેજ હું સમજી શકતો નહિ. મેં આ સમજવા માટે મારાથી બનતા સર્વ પ્રયાસો આદર્યા, મારાં પાપ એક કોરા કાગળ ઉપર લખીને હું એક ટીપ બનાવતો હતો. ઘણી વખત તો હું રોતાં રોતાં પ્રાર્થના કરતો કે શું એવી કોઇ પણ વ્યક્તિ મને તારણના માર્ગ પર નહિ લઈ જાય? જેને હું પૂછતો તે એમજ જવાબ દેતો કે "પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરો." બસ આટલુંજ તેઓ કરી શકતાં. એથી વધારે ખુલાસો કોઈ કરી શકતું નહિ. જ્યારે મારી આવી સ્થિતિ હતી ત્યારે એક દિવસ "આતુર શોધક" નામની એક ચોપડી મારા હાથમાં આવી, તે વાંચતાં વાંચતાં મારું ધ્યાન એક વાક્ય તરફ ખેંચાયું. જાણે ઘરમાંથી કોઈ શક્તિ ખેંચતી હોય તેમ આ વાક્યે મારા ઉપર ઘણી જ અસર કરી. એ વાક્ય એ હતું કે જે માણસ પોતે કરેલા કામ પર નહિ પણ અધર્મીને ન્યાયી ઠરાવનાર પર વિશ્વાસ કરે છે તેનો વિશ્વાસ તેને લેખે ન્યાયીપણાને અર્થે ગણવામાં આવ્યો છે. 'જે માણસ વિશ્વાસ કરે છે તેજ તારણ પામે છે, પરંતુ જે (પોતાની કરણી પર ભરોસો રાખે છે) તે તારણ નથી પામતો' (રૂમી. ૪; ૫).

આ બે શબ્દો 'વિશ્વાસ કરનાર' અને 'કરણી કરનાર' એ મેં મારા હૃદયમાં લખી લીધા અને એક ખૂણામાં જઇને તે પર હું વિચાર કરવા લાગ્યો. મેં નિશ્ચય કર્યો કે જ્યાં સુધી હું 'કરણી કરનાર નહિ પરંતુ વિશ્વાસ કરનાર તારણ પામશે' એ વાક્ય બરાબર સમજી શકીશ નહિ, ત્યાં સુધી અહીંથી ક્યાંયે જઇશ નહિ. એકદમ મેં સર્વ કાર્યો બંધ કર્યાં. પ્રાર્થના કરવાનું પણ માંડી વાળ્યું. હું મારા પાપની ટીપ બનાવતો હતો તે પણ બંધ કર્યું. અફસોસ કરવાનું અને દિલગીર થવાનું પણ મેં એક બાજુએ મૂકી દીધું, અને આમ સર્વ કાર્યોને તિલાંજલિ દીધી, અને તદ્દન શાંત રીતે બેઠો. આમ હું જ્યારે શાંતપણે પરમેશ્વરનું ધ્યાન ધરતો હતો, ત્યારે તેના શબ્દો અને વચનો પર મેં વિશ્વાસ કર્યો. વિશ્વાસ કરવાથી, ખચીત, મને પૂરી શાંતિ મળી અને તેની સંપૂર્ણ ખાતરી તો યશાયાહ ૫૩ ; ૬ વાંચવાથી થઇ;—"આપણે સર્વે ઘેટાંની પેઠે ભટકી ગયા છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાહે તેના પર (પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર) આપણ સર્વેનાં પાપ[નો ભાર] મૂક્યો છે." આ કલમ મારા વાંચવામાં આવી અને યહોવાહે તે મારી હૃદયપોથીમાં છાપી દીધી.

"ડેવીડ, યહોવાહે અન્યાય ક્યાં મૂક્યા છે ?" "કોના ઉપર ?"

"પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર."

"કોના અન્યાય ?" "આપણ સર્વના અન્યાય."

"શું, તું આ સર્વમાંનો એક છે ?" "હા, પ્રભુ, હું તેઓમાંનો એક છું."

"જો તું એ સર્વમાંનો એક છે, તો તારાં પાપ ક્યાં છે ?"

"પ્રભુ ઇસુ ખ્રિસ્ત ઉપર મૂકયાં છે."

"પ્રભુ ઇસુ પર કોણે મૂકયાં ?" "યહોવાહ દેવે મૂકયાં છે."

"કોનાં પાપો ?" "ડેવીડનાં પાપો."

"કોના પર ?" "પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર, ડેવીડનાં પાપ મૂકયાં છે."

જ્યારે મેં જોયું કે મારાં પાપ મારા પર તેમજ પ્રભુ ઇસુ પર એક વખતે હોઇ જ ન શકે, ત્યારે મારી આગળ એક ચિત્ર ખડું થયું.

ધારો કે મારી ટોપી મેં એક ખીંટી પર ટાંગી છે તો તેજ વખતે તે મારા માથા ઉપર ક્યાંથી હોઇ શકે? તેવી જ રીતે ઉપરની વાત છે. અને આ વાતથી આટલું તો ચોક્કસ અને તદ્દન સ્પષ્ટ થયું. હું આનંદથી બોલી ઊઠયો કે પ્રભુની સ્તુતિ થાઓ.

યહોવાહ એ કહે છે તેથી હુ તે પર વિશ્વાસ કરૂં છું. અને હવે તે મારામાં છે. આ પ્રમાણે જેવો મેં વિશ્વાસ કર્યો કે તરત જ મારી સ્રીની પાસે ગયો અને તેને સર્વ હકીકત કહી બતાવી. વળી તેને કહ્યું કે "સૈન્યોનો દેવ યહોવાહ આજે મને મળ્યો છે. મને સત્ય જડયું છે." તેણે મારો ચકચકિત ચહેરો ને આનંદનાં નવીન તેજદાર કિરણો ફેંકતો મને દીઠો. આ પહેલાં તો મારો ચહેરો દુઃખને લીધે ત્રણ ચાર ફૂટ લાંબો હતો, પરંતુ હવે તો જાણે કે તે તારણના લશ્કરના પડધમ જેટલો મોટો થઇને આનંદથી પ્રકાશવા લાગ્યો. મને મારા પાપની ક્ષમા મળી ગઇ છે એવી ખાતરી મારી સ્રીને પણ થઇ. પછી મેં તેને પૂછ્યું કે "તારણ કેવી રીતે મળે એ શું તું જાણે છે? શું તું એ સમજી શકે છે?" તેણે કહ્યું, "મને મહેરબાની કરીને કહો." મેં કહ્યું, કે "જો, તું શાંત, બિલકુલ શાંત બેસ. અને કરણી વિષે કંઇ પણ વિચાર કરીશ નહિ, માત્ર પરમેશ્વરના વચન પર વિશ્વાસ કર." પછી સહેજે તે બધું સમજી શકી. જોકે તે ખ્રિસ્તી હતી તોપણ હજુ તેને તારણ મળ્યું છે એની ખાતરી થઇ ન હતી. આ બનાવ પછી મારી માતાનું પણ બદલાણ થયું અને મારા ભાઇઓ અને બીજાં પણ પ્રભુકૃપાથી તારણ પામ્યાં. અમારું આખું ઘર અનંતકાળના નાશમાંથી બચી જવા પામ્યું, તેથી અમે જેટલા જોરથી થઇ શકે તેટલા જોરથી હર્ષનાદો કરવા લાગ્યાં. અમે જ્યારે આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરતાં હતાં ત્યારે મારો પાડોશી ચીડાઇ ગયો અને બોલવા લાગ્યો, કે "તમે હમણાં જ ઘર ખાલી કરો! તમે પુષ્કળ ગડબડાટ કરો છો, તથા ધાંધલ મચાવો છો. અમે આવું સહન નથી કરી શકતા માટે બીજે ઠેકાણે રહેવા ચાલ્યાં જાઓ!" મેં શાંતપણે અને હસતાં હસતાં કહ્યું, કે "ભાઇ, જોકે તમને ગમે કે ન ગમે તોપણ પ્રભુની સ્તુતિ કર્યા સિવાય અમે રહી શકતાં જ નથી! અમે કેવી રીતે શાંત રહી શકીએ?"

જ્યારે મને આમ શાંતિ મળી ત્યારે હું મારા ઘરની પાસેના મહોલ્લામાં જઇને સુવાર્તા પ્રગટ કરવા લાગ્યો. જોકે ઉપદેશ કેમ કરવો એ મને આવડતું નહોતું તોપણ હું મોટેથી ઘાંટા પાડવા અને પ્રચંડ ગર્જનાઓ કરવા લાગ્યો. લોકોને હું એ ઉપદેશ આપતો હતો કે જો તમે ખ્રિસ્ત પાસે નહિ આવો, તો જરૂર તમે નાશ પામશો. બસ, એજ મારો સંદેશો અને ઉપદેશ હતો. આટલો ઉપદેશ હું વારંવાર આપતો, પરંતુ જ્યારે હું કહેતો કે પરમેશ્વરનો કોપ તમારા ઉપર સળગી ઊઠશે ત્યારે લોકોને એ જરા પણ પસંદ પડતું નહિ. જો કોઇ માણસ મારા ઉપદેશ વિષે મશ્કરી કરતો કે હસતો તો તે મને જરા પણ ગમતું નહિ, અને ઘણી વાર હું મારો મિજાજ પણ ગુમાવી બેસતો, કારણ કે હજી હું એક બચાવ પામેલો જ હતો. મારી પાસે આના કરતાં જે વધારે અને વિશેષ હોવું જોઇએ તે ન હતું. આ પ્રમાણે મેં લગભગ દશ અગિઆર વર્ષ સુધી ઉપદેશ કર્યો, અને આ કામ કરતાં મારે સુખદુ:ખનાં ઘણાંએ વિકરાળ મોજાંમાં સપડાવું પડ્યું. છએક વાગતાં હું બિલકુલ સારો હોઉં પરંતુ માત્ર એક જ કલાક પછી જોયું હોય તો તદ્દનજ ખરાબ માલૂમ પડું. દસ વાગે જો પર્વતના શિખરે હોઉં તો અગિઆર વાગતાં તો એને બદલે ઊંડી ખીણમાં અથડાતો હોઉં. કોઈ કોઈ વાર મારા ગુસ્સા પર કાબૂ રાખી શકતો, પરંતુ છેવટે તે એકદમ કોઇ જુદા જ સ્વરૂપમાં બહાર નીકળી આવતો. કોઈ કોઈ વાર મને લાગતું કે હું તો સ્વર્ગમાં મહાલું છું, પરંતુ બીજી જ પળે વિચાર બદલાતો અને લાગતું કે હું તો નર્કમાં રઝળું છું. આમ મારી જીવનનૈયા ભરદરિયે તોફાનમાં ઝોલાં ખાતી હતી.

પાપનો બોજો મારામાં જડ ઘાલીને પડયો હતો અને તેનો સદંતર નાશ કેવી રીતે કરવો એની મોટી મૂંઝવણમાં હું પડયો. મદદ મેળવવા માટે હું ઘણા જણ પાસે ગયો, પરંતુ સઘળું વ્યર્થ ગયું. આ પાપરૂપી બોજાનો નાશ કેવી રીતે કરવો તે કોઈ પણ માણસ મને સમજાવી શકયો નહિ. જો કોઇ પણ વ્યક્તિ મારા ઉપદેશ વિરુદ્ધ બોલે તો હું એકદમ સિપાંઇને બોલાવતો. હું જરા પણ સહન કરી શકતો નહિ. આ કેટલો બધો ભયંકર ગુસ્સો! ઘણી વખત તો હું ગુસ્સામાં ને ગુસ્સામાં ઘરનો સામાન પણ ભાંગી

નાખતો. એક વખત હું પગાર લઇને ઘેર આવતો હતો અને મારી સ્ત્રી ઘરના દરવાજા આગળ ઊભી હતી. હજુ તો મેં ઘરમાં પગ પણ મૂકયો નહોતો તે પહેલાં તો તેણે પૂછયું કે "પગાર મળ્યો કે નહિ?" આ સાંભળી હું એટલો બધો ગુસ્સે થયો કે પૈસાબેસા ઘરમાં ફેંકી દીધા અને ગુસ્સામાં ને ગુસ્સામાં જ મારા પાપનું પ્રાયશ્ચિત કરવા યહોવાહ પાસે ગયો. મારા ગુસ્સાનો ઊભરો હું પાસેની ચીજો ઉપર કાઢવા લાગ્યો અને તે ફેંકી દેવા લાગ્યો. પરંતુ આવું કર્યા પછી પાછળથી મને પુષ્કળ પસ્તાવો થતો. મને યાદ છે કે મેં ગુસ્સામાં એક મરઘીના બચ્ચાંને પકડીને પથ્થર સાથે જોરથી અફાળ્યું હતું. જ્યારે મારી શાળામાં છોકરાં બરાબર પાઠ તૈયાર કરતાં નહિ ત્યારે તેમને પકડીને તેમના કાન આમળતો, તેમને મારતો અને વળી ઘણી વખત તો વગર કારણે જ મારતો હતો! પાછળથી મને ઘણું જ ખરાબ લાગતું અને હું મનમાં જ કહેતો કે મારે એવું કરવું ઘટતું જ ન હતું. મેં ઘણી મોટી ભૂલ કરી છે. જોકે હું ઉપદેશ કરતો તો પણ હું પોતે જ ચંચળ અને અસ્થિર હતો. હું પવિત્રતા ઉપર ભાષણ કરતો, પરંતુ હું પોતે જ અશુદ્ધ અને અપવિત્ર હતો. હું પ્રભુ ઇસુના પરાક્રમ વિષે પુષ્કળ કહેતો, પરંતુ તે પરાક્રમ મારામાં જ દેખાતું ન હતું. હું મારો ગુસ્સો દબાવવા પુષ્કળ મહેનત કરતો, પરંતુ હું તેમ કરી શકતો નહિ. લોકો મને કહેતા કે તારા પોતા ઉપર પહેલાં કાબૂ રાખ અને તારા ગુસ્સાને દબાવ. મારી આવી સ્થિતિ જોઇને મને લાગતું કે એક ઘરડો માણસ પણ મારા કરતાં વધારે બળવાન છે. ઘણાં કહેવા લાગ્યાં કે "તારાં પાપ કબૂલ કરીને પ્રભુ ઇસુ પાસે આવ, અને તે તને જરૂર તારાં પાપની ક્ષમા કરશે. તે તારાં સઘળાં પાપો ધોઈ નાખીને તને શ્વેત બરફ જેવો શુદ્ધ કરશે. તું જાગ અને તપાસ કર." મારાં પાપ કેવી રીતે દાબી દેવાં અને તેના ઉપર જય કેવી રીતે મેળવવો તે તેઓએ મને શીખવ્યું. પરંતુ શું કરવું એ હું જરા પણ સમજી શકયો નહિ. હું કહેતો, "હા, હું કોશિષ તો કરૂં છું, અને તપાસ પણ કરતો રહું છું. પાપને દબાવવા અને તેના પર જય મેળવવા હું મારું બનતું કરૂં છું, પરંતુ કોણ જાણે કેમ હું તેમ કરી શકતો નથી."

આથી મેં ઉપદેશ કરવાનું અને સઘળાં પુસ્તકો વાંચવાનું મૂકી દીધું અને બાઇબલ લઈને એકલો જ કોલોમ્બોના સીનેમન નામના બાગમાં (સિલોન) આવ્યો, અને ઘૂંટણીએ પડીને પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો કે "ઓ પરમેશ્વર, હું પોતે કેવો છું તે મને શીખવ. મારું ખરું સ્વરૂપ જેવું હોય તેવું ને તેવું જ મને બતાવ, અને જો મારે માટે કોઈ મુક્તિનો માર્ગ હોય તો તે પણ મને બતાવ." ઈશ્વરે ચામત્કારિક રીતે મારી આંખો ઉઘાડી નાખી અને હું દેખતો થયો. આ પછી, હું તરત જ પ્રભુ ઈસુના પગ આગળ શાસ્ત્રશિક્ષણ લેવા માટે એક સારી કોલેજમાં દાખલ થયો. પછી હું ઓરડીમાં ગયો અને સર્વ બારણાં બંધ કરીને ઘૂંટણે પડયો અને ધર્મપુસ્તકો વાંચવા લાગ્યો. 'હૃદયો' નામના પુસ્તકનો મેં પહેલો અભ્યાસ કર્યો. આ પુસ્તક વાંચવાથી મને અનહદ મદદ મળી, કારણકે જ્યારે મેં આ "હૃદયો"—અહંકારી હૃદય, રાજી-ખુશીથી કરે એવું હૃદય, આજ્ઞાંકિત હૃદય, ન્યાયી હૃદય, સંપૂર્ણ હૃદય, પથ્થર જેવું સખ્ત હૃદય, નમ્ર હૃદય, વાંકું હૃદય, એવાં એકસો ચાળીશ કરતાંયે વધારે હૃદયો—વિષે આ પુસ્તકમાં વાંચ્યું અને અભ્યાસ કર્યો ત્યારે મારું હૃદયચિત્ર, જે કોઇ પણ દિવસ અગાઉ જોવામાં આવ્યું ન હતું, તે મેં જોયું. ફક્ત આ એક જ વિષયનો અભ્યાસ કરતાં મને ચાર મહિના લાગ્યા હતા. હવે હૃદયોનું સંશોધન કર્યા પછી 'શુદ્ધિકરણ' શબ્દ સમજવા માટે હું મહેનત કરવા લાગ્યો. યહોવાહનો મહિમા અને સ્તુતિ થાઓ કે કોઈ પણ અશુદ્ધ વસ્તુ તે આપણા હૃદયની અંદર મૂકતો નથી. જૂનું માણસપણું તેની સાથે વધસ્તંભે જડાયું (રૂમી. ૬ ; ૬). "વળી એ જાણીએ છીએ કે આપણું જૂનું માણસપણું તેની સાથે વધસ્તંભે એ માટે જડાયું કે પાપનું શરીર નિરર્થક થાય, એટલે કે હવે પછી આપણે પાપની ગુલામગીરીમાં રહીએ નહિ" (રૂમી. ૬ ; ૬). 'તો મારા પોતા વિષે શું?' 'વધસ્તંભ ઉપર' હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો, પરંતુ હું જીવું છું. તો હવેથી હું નહિ પરંતુ મારામાં ખ્રિસ્ત જીવે છે. અને હવે દેહમાં જે મારું જીવન છે તે દેવના દીકરા પરના વિશ્વાસથી જ છે. તેણે મારા પર પ્રેમ રાખ્યો અને મારે સારુ પોતાનું ર્પણ કર્યું.

મારા દેહ વિષે શું? દેહના વિષયો તથા તેની તૃષ્ણા તથા ઇચ્છાઓ એ સઘળાં વધસ્તંભ ઉપર જડાયાં છે. "જેઓ ખ્રિસ્તના છે, તેઓએ દેહને તેના વિષયો તથા ઇચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે જડયો છે (ગલાતી. ૫ ; ૨૪.) ક્રોધ અને આવી બીજી બાબતો વિષે શું? તે સઘળાંનો ત્યાગ કરવો. " સર્વ [પ્રકારની] કડવાશ, ક્રોધ, કોપ, ઘોંઘાટ તથા નિંદા, તેમજ સર્વ પ્રકારની ખુન્નસ તમારામાંથી દૂર કરો" (એફેસી. ૪ ; ૩૧).

હવે બોજા વિષે શું? બોજાને દૂર કરવો જોઇએ. "આપણે પણ દરેક [જાતનો] બોજો તથા વળગી રહેનાર પાપ નાખી દઇએ" (હેબ્રી ૧૨; ૧). આ પ્રમાણે કૃપાળુ ઇશ્વરે મને આ સઘળા રસ્તા બતાવ્યા કે આવી બધી મલિનતા બહાર જ જોઇએ, અને હૃદયમાં જરા પણ જોઇએ નહિ. હું તો એમજ ધારતો હતો કે એ સઘળું હૃદયમાં જ હોઇ શકે, પરંતુ મને પરમેશ્વરે કહ્યું કે હૃદયમાં આમાંની એક પણ બાબત જોઇએ નહિ. અત્યાર સુધી મને એવું શિક્ષણ આપવામાં આવ્યું હતું કે આ બધી બાબતો આપણાં હૃદયોમાં જ મરતાં સુધી મળી આવે છે. માટે તેમને દાબી દેવી જોઇએ. કેટલાંએક કહેવા લાગ્યાં કે "પ્રભુ ઇસુ ખ્રિસ્ત તેમને દાબી નાખે છે અને તે સઘળી બાબતો ઉપર જયવાન છે." જે શિક્ષણ મને મળ્યું હતું તે જ્યારે મેં યહોવાહના જીવતા શબ્દો સાથે સરખાવ્યું ત્યારે તે તદ્દન અધાર્મિક અને અર્થહીન લાગ્યું. મને તો તેણે એમ શીખવ્યું કે જે કંઇ અશુદ્ધ છે તે બધું બહાર ફેંકી દેવું અને છોડી દેવું પડે છે. આ પ્રમાણે મને બરાબર યોગ્ય સમયે જ દરેક બાબત માટે અખ્યાયો અને કલમો મળી આવ્યાં. મારાં જ્ઞાનચક્ષુ એકદમ ખુલી ગયાં અને સત્ય શું છે તે હું બરાબર સમજી શકયો. જે કંઇ અશુદ્ધ હોય તે બહાર અને કેવળ ખ્રિસ્ત એકલો જ અંદર હોવો જોઇએ. જોકે હું સત્યને સમજી શકયો તોપણ તેને મારામાં કેવી રીતે ઉતારવું તેની સમજણ મને પડી નહિ. મેં વિચાર્યું કે હું ન માનવાનું માની લઇ નકામો ગુમાન કરું છું, પરંતુ પરમેશ્વરના શબ્દો બિલકુલ સ્પષ્ટ છે અને હું જાણતો હતો કે તે માનવામાં હું જરાયે ભૂલ કરતો નહોતો. હું તે બરાબર સમજ્યો. હજી હું એ પણ સમજીને શીખી શકયો કે માત્ર સાદા વિશ્વાસથી પણ પવિત્રતા પ્રાપ્ત કરી શકાય છે. " અને વિશ્વાસથી તેઓનાં

મન પવિત્ર કરીને આપણામાં તથા તેઓમાં કંઇ ભેદ રાખ્યો નથી" (પ્રે. કૃ. ૧૫ ; ૯). મેં આ બાબત પર વિશ્વાસ કર્યો પરંતુ મારામાં છે તેવો હક કે દાવો હું કરી શક્યો નહિ, અને તેનો ઉપકાર પણ માની શક્યો નહિ. આ પ્રમાણે મારી જીવનહોડી ધીમે ધીમે ચાલતી હતી અને ઉપદેશ કર્યા પછી હું મુક્તિફોજના કમાનને મળ્યો. જોકે તે ભણેલો-ગણેલો તો ન હતો તોપણ તે ઘણો જ વ્યવહારૂ માણસ હતો. જોકે તેની પાસે ભરપૂર જીવન હતું અને તે જીવી બતાવતો હતો તોપણ તે તે વિષે શીખવી શકતો ન હતો. તે માણસે મને કહ્યું, "ડેવીડ, વહાલા મિત્ર, તું અહીં આવ. હું જોઇ શકું છું, કે તારામાં ઘણાં સારાં લક્ષણો છે, અને તારી પાસે ઘણાં સારાં સાધનો પણ છે. મેં તારાં ભાષણો પણ સાંભળ્યાં છે. તું મજબૂત છે, તારો અવાજ પણ સારો છે, પરંતુ શું તું જાણે છે કે તું એક વાતે અધૂરો છે?" મેં પૂછ્યું, કે "એ વાત કઇ છે?" "જે પવિત્ર અગ્નિની જ્વાળા હમણાં જોઇએ છે તે હજુ તારામાં નથી, માટે તે જ્વાળાનો તું સ્વીકાર કર." મેં પૂછ્યું, કે "આમ કહેવા માટે તમને શાં કારણો છે તે મને જણાવો." મને જવાબ મળ્યો, કે "વહાલા ભાઈ, જો તું તારી મરજીમાં આવે તેટલા ઉપદેશ, ઉપદેશ અને ઉપદેશ કર્યા જ કરે, પરંતુ જ્યાં સુધી તારું જીવન એવું ભરપૂર જીવન ન હોય તો એક પણ આત્મા તારી મારફતે બચવા પામશે નહિ. જોકે તું ભાષણો અને ઉપદેશ કર્યા જ કરીશ તોપણ તે સઘળું નિરર્થક જશે. તારી પાસે સર્વ સાધનો પૂરતાં છે, પરંતુ એક જ સાધન તારી પાસે નથી અને તે તો પવિત્ર અગ્નિ છે. જો તે તારામાં આવે તો તું બદલાણ પામેલો નવો જ માણસ થઇ જશે. હું ખાતરીથી કહું છું, કે ઘણા આત્માઓ તારી મારફતે બચાવ પામશે." મેં કહ્યું, કે "અત્યાર સુધી તો હું એમ જ ધારતો હતો, કે એ પવિત્ર અગ્નિ તો મારામાં છે." તે ગૃહસ્થે કહ્યું, "બિલકુલ નહિ. જો, હું તારી જરૂરિયાતના થોડાંક લક્ષણો ગણાવું? શું તું અમથો અમથો ગુસ્સે થતો નથી?" "હા, હું થાઉં છું." "જ્યારે જ્યારે માણસોને તારો ઉપદેશ ગમતો નથી અને કોઈ પણ વિરુદ્ધ બોલે ત્યારે શું તું એમ નથી ઇચ્છતો, કે કોઇ પેલા વિરુદ્ધ બોલનારનું માથું ફોડી નાખે?" મેં કહ્યું, કે "હા. વાત તો ખરી છે,

પણ હું પોતે મારવા ઇચ્છતો નથી, પરંતુ મારા બદલે જો કોઇ બીજો જ મારી જાય તો એ મને ગમે તો ખરું." "શું તું ઉપદેશ કરતાં થાકતો નથી?" "હા, જોકે એક બે વખત ભાષણ કરૂં તો હું થાકી જાઉં છું, અને જેવો ઘેર જાઉં છું કે તરત છાતીમાં દરદ થાય છે અને ગળે સોજો પણ આવે છે." "શું, તારી પ્રાર્થનાનો જવાબ તને મળે છે?" "ભાગ્યે જ." તે ભરપૂર જીવન વિષે પુષ્કળ જાણતો હતો તે હું જોઇ શકયો. પછી મેં કહ્યું, "મારું જીવન ભરપૂર નથી. મારે હવે શું કરવું જોઇએ?" તેણે કહ્યું, કે "જો, હું તને રસ્તો બતાવું છું. જો કે મને તે વિષે શીખવતાં આવડતું તો નથી, તોપણ તું પરમેશ્વર પાસે જા, વિશ્વાસુ અને પ્રામાણિક થા, અને પછી તે તને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપશે." હું તેની સાથે તેને ઘેર ગયો અને ઉપલે માળે પ્રભુ પાસે રાતના અગિયાર, બાર વાગે મને મૂકીને તે જતો રહ્યો.

જ્યારે હું ઘૂંટણીએ પડયો ત્યારે પરમેશ્વર મારી બારીકાઈથી તપાસ કરવા લાગ્યો. મારી મલિનતા અને ભ્રષ્ટતા, અહંકાર અને ગર્વ, સ્વાર્થ, દુષ્ટતા, શંકા, નિંદા, હું મારું દેવું ભરતો ન હતો તે અને એવી સઘળી વાત મારા હૃદયમાંથી એક પછી એક કાઢીને તે બતાવવા લાગ્યો. તે સઘળું મારી પાસે લાવ્યો. (મારું સઘળું દેવું પાછળથી ભરપાઇ કરી આપ્યું. લગભગ ચાર વર્ષ મારું દેવું ભરતાં થયાં. મેં મારું સઘળું દેવું ભરી દીધું. કોઈ કોઇ માણસો તો એ સમજી પણ શકયા નહિ. કેટલાએક કહ્યું, કે "તમારે અમારું દેવું જ કયાં છે?" તોપણ મેં કહ્યું કે "હા, હું જાણું છું કે હું તમારો દેવાદાર છું. જ્યારે હું નાનો બાળક હતો ત્યારે તમે મને રોટલી આપતાં હતાં અને તે હજી સુધી પાછી મેં આપી નથી." માસિક પગારમાંથી થોડું થોડું બચાવીને મારી સ્ત્રીએ મને આવાં સઘળાં દેવાં પાછાં ભરપાઇ કરી આપવામાં ઘણી જ અમૂલ્ય મદદ કરી.) પછી મારા પ્રભુએ મને પૂછયું, કે "ડેવીડ, શું તું શુદ્ધ અને પવિત્ર થવા ઇચ્છે છે?" મેં જવાબ દીધો, કે "હા, મારા દેવ, હું સંપૂર્ણ રીતે શુદ્ધ તથા પવિત્ર થવા ઇચ્છું છું." "બધી બાબતે?" "હા પ્રભુ, બધી બાબતે," અને એક પછી એક એમ સઘળી બાબતો તે મારી પાસે લાવ્યો. "મારી ખાતર જો મને તારું કામ પડે તો શું તું તારી માતૃભૂમિનો

ખુશીથી ત્યાગ કરીશ?" હું તેની મરજી પ્રમાણે કરવા તૈયાર જ હતો. "મારી ખાતર મનુષ્યભક્ષી પ્રાણીઓ તારો આહાર કરે તોપણ શું તું આફ્રિકામાં જઈશ?" "તે કરવા પણ હું ખુશી છું, પ્રભુ." ફરી તેણે આગળ પૂછ્યું, કે "તારી વહાલી સ્ત્રીનો પણ ત્યાગ કરીને કોઈ પણ જગાએ મારી ખાતર જવા શું તું ખુશી છે?" ખરેખર, હું એ વિષે જરા પણ ખુશી ન હતો. મારી સ્ત્રીને મૂકીને ક્યાંયે જવું એ મારે માટે અસહ્ય વાત હતી, એથી મારા હૃદયમાં લડાઇ શરૂ થઈ. આટલી વાતનો ત્યાગ કરવાની મારી મરજી જ થતી ન હતી, પરંતુ યહોવાહે પ્રભુ ઈસુ ખ્રિસ્તને બરાબર આ યોગ્ય સમયે જ મારી પાસે મોકલ્યા. તેમણે મને કહ્યું, "યહોવાહ પહેલાં અને પછી તારી સ્ત્રી."

મુસલમાન, બૌદ્ધ અને બીજા ઘણા વિધર્મી માણસોના આત્માની મોટી જવાબદારી તેણે મારા માથા ઉપર મૂકી. "ડેવીડ, આવા સઘળા આત્માઓને બચાવવા તું શું તારું સઘળું અર્પણ કરવા તૈયાર છે?" હવે મારે શું કરવું એનો હું વિચાર કરવા લાગ્યો. યહોવાહ દેવ મારી સ્ત્રીની સંભાળ જરૂર લેશે. મેં કહ્યું, કે "ઓ પરમેશ્વર, હું સ્ત્રીનો પણ ત્યાગ કરીને કોઇ પણ જગાએ, કોઈ પણ વખતે તારી ખાતર જવા તૈયાર છું." મારામાં જે યુદ્ધ ચાલતું હતું તે હવે બંધ થયું. "શું તું મારી ખાતર કોલોમ્બોમાં ધૂળ જેવો પણ બનશે?" "હા, પ્રભુ, હું એવું પણ ઇચ્છું છું." તેણે મને ફરીથી ઘણી બારીકાઇથી તપાસ્યો. લડાઇ બંધ પડી ગઇ, અને હવે હું જરા થોભ્યો, કારણકે હું વિશ્વાસથી રાહ જોતો હતો કે હવે જરૂર પવિત્ર આત્માના અગ્નિનો વરસાદ મારા ઉપર વરસશે. જ્યારે શિષ્યો તેને માટે લાયક થયા ત્યારે તેઓ પર પવિત્ર આત્માની વૃષ્ટિ થઇ, તેથી હું પણ એવી આશાનાં કિરણોથી પવિત્ર આત્માના બાપ્તિસ્માની રાહ જોવા લાગ્યો. રાહ જોતો ને જોતોજ રહ્યો, પરંતુ પવિત્ર અગ્નિની વૃષ્ટિ ન થવાથી આખરે હું કંટાળી ગયો. હું વધારે વાર પ્રાર્થના કરી શક્યો નહિ. મેં તરત જ એવો દૃઢ નિશ્ચય કર્યો કે કોઈ પણ પ્રકારે દગાફટકાથી પણ મારે આ શક્તિ મેળવવી જ જોઇએ. મેં બીજો નિશ્ચય કર્યો કે જ્યાં સુધી પવિત્ર આત્માથી અને અગ્નિથી મારું બાપ્તિસ્મા ન થાય ત્યાં સુધી આ ઓરડીમાંથી બહાર જવું હરામ છે. મેં પ્રાર્થના કરી, કે

"ઓ પરમેશ્વર, હું આ રહ્યો; તારે જેમ મને કરવું હોય તેમ કર, અને આ ગરીબ ડેવીડને તું તારા હાથમાં લે. તારી મરજી પ્રમાણે તું થવા દે. હું કોઇ પણ જગાએ જવા, કોઈ પણ કામ કરવા હમેશાં તૈયાર અને તત્પર છું. પરંતુ તું મને ભરપૂર જીવન અને તારા દિવ્ય પરાક્રમ વડે ભરપૂર કર, કે જેથી મારી મારફતે હજારો આત્માઓ અનંતકાળના નાશમાં જતા અટકે." આ પ્રમાણે ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરીને હું વાટ જોતો હતો ત્યારે મારામાં જે યુદ્ધ ચાલુ રહ્યું હતું તે એકદમ અદૃશ્ય થઇ ગયું. મારા હૃદયમાં કોઈ જાતની લાગણી થઇ નહિ. મેં કહ્યું, "ઓ પ્રભુ, તું મારો છે અને હું તારો છું." મેં તેના શબ્દો ઉપર વિશ્વાસ કર્યો અને એકદમ ઊભો થઇ ગયો. તો પણ મારા દિલમાં કંઈ પણ લાગણી થઈ નહિ. મારા તારણ માટે મેં જેમ કેવળ એના શબ્દ ઉપર જ વિશ્વાસ કર્યો તેમ મેં ભરપૂર જીવન અને સંપૂર્ણ શુદ્ધિકરણ માટે પણ વિશ્વાસ કર્યો. હું હર્ષમાં અને હર્ષમાં ઘેર ગયો. મારી સ્ત્રી આ વખતે ઊંઘતી હતી તેથી દરવાજા ઉપર ટકોરા માર્યો અને બારણું ઉઘાડતાંની સાથે જ હું તેને કહેવા લાગ્યો, કે "મારું આખું જીવન મેં યહોવાહના હાથમાં સોંપી દીધું છે." તેણે કહ્યું કે "તમે તો ક્યારનુંએ તે અર્પિત કર્યું હતુંને!" મેં કહ્યું, "નહિ. મેં અર્પણ કર્યું નહોતું, પરંતુ આજથી અને અત્યારથી જ હું સંપૂર્ણપણે અર્પિત થયેલો છું. જો યહોવાહને મારી જરૂર પડે તો તારો ત્યાગ કરીને પણ તે જ્યારે અને જ્યાં જવાનું કહે ત્યારે અને ત્યાં હું જરૂર જઇશ." આ સાંભળતાંની સાથે જ જાણે વીજળી તૂટી પડી હોય એમ તેના હૃદયમાં સખત ધ્રાસકો પડ્યો, પરંતુ મારા ઠરાવની વિરુદ્ધ તે કાંઇ પણ બોલી નહિ. પછી હું ઊંઘવા જતો રહ્યો. બીજે દિવસે હું દેવળમાં ગયો, અને જેવી સભા ખલાસ થઈ કે તરત મને એમ લાગ્યું કે પરમેશ્વર મારી સાથે વાત કરે છે. તેણે મને કહ્યું, કે "પેલો માણસ જે પવિત્ર શાસ્ત્રની ચર્ચા કરે છે તેની પાસે જા અને તેની સાથે આ મહોલ્લામાં જાહેરમાં મારા વિષે કહે." એકદમ તેની આજ્ઞાને આધીન થઇ મેં તે માણસ સાથે સઘળી વાત કરી. આમ જ્યારે મેં પરમેશ્વરનો હુકમ માથે ચઢાવ્યો ત્યારે હું ક્યાં છું તે પણ હું જાણી શક્યો નહિ. તેની દિવ્ય શક્તિ મારી મારફતે પ્રસરતી અને પ્રકાશતી હતી.

જોકે ભરપૂર જીવન તો આગલી રાત્રે મને મળ્યું હતું, તોપણ બીજે દિવસે તેની આજ્ઞાને માન આપ્યા પછીથી જ તેના પરાક્રમની મને સાક્ષી મળી.

"અમે એ વાતોના સાક્ષી છીએ, અને દેવે પોતાની આજ્ઞા માનનારાઓને જે પવિત્ર આત્મા આપ્યો છે તે પણ સાક્ષી છે" (પ્રે. કૃ. ૫; ૩૨). હું ઘેર ગયો અને જૂની રૂઢિ પ્રમાણે જ ઉપદેશ કરવા લાગ્યો, પરંતુ પહેલાંના કરતાં કોઇ જુદા જ પ્રકારના અજબ પરાક્રમથી ઉપદેશ અપાતો હોય એમ મને લાગ્યું. માણસો ઘૂંટણે પડીને રડતાં રડતાં તેની દયાની માગણી કરતાં હતાં કે "ઓ પ્રભુ, મારા દેવ, મને બચાવ." મારામાં ભરપૂર જીવન છે અને પવિત્ર આત્માથી તેણે મારો અભિષેક કર્યો છે તેની ખાતરી મને થઇ ગઇ. મારી પોતાની માતા પણ પસ્તાવો કરીને રડવા લાગી, અને મારું આખું ઘર આનંદથી ઊભરાવા લાગ્યું. સવારે ઊઠતાં જ ચહાપાણી માટે થોભ્યા વગર જ હું એકદમ સુવાર્તા પ્રગટ કરવા ઊપડી ગયો. ઘણાં માણસો ઘૂંટણે પડીને પોતાનાં પાપની માફી માગવા લાગ્યાં, અને ખ્રિસ્તી થયાં. કેટલાકનું ઝાડ નીચે બદલાણ થયું અને જ્યારે રસ્તા પરથી ઘોડાગાડીઓ પસાર થતી હતી ત્યારે મહોલ્લામાં હું કેટલાકની સાથે ઘૂંટણે પડીને પ્રાર્થના કરતો હતો. પરમેશ્વરે મારા માટે સર્વ સ્પષ્ટ કર્યું, અને કહ્યું, કે "ડેવીડ, તું તારું કામ જારી રાખ, કારણકે હું તને કોઈ પણ જગાએ, હા, મારા કામ માટે સર્વ ઠેકાણે મોકલવાનો છું." મેં મારું સ્થાનિક ઘર તેમજ દુનિયાદારીનો ત્યાગ કર્યો, કારણ કે તેણે મને કહ્યું, કે "હું જ તારો પૈસો છું, હું જ ભંડાર છું, હું જ સર્વ તથા સર્વસ્વ છું. તારી સ્ત્રી અને તારા કુટુંબની સંભાળ કરનાર હું તારો દેવ યહોવાહ છું." મારાં પોતાનાં સગાં તથા સ્નેહીસંબંધીઓને પૂછવા વગર અને સલાહ પણ લીધા વગર હું પરમેશ્વરની આજ્ઞાને એકદમ આધીન થયો. તે "પોતાના દીકરાને મારામાં પ્રગટ કરે, કે જેથી હું તેની સુવાર્તા વિદેશીઓમાં પ્રગટ કરૂં" એવા વિશ્વાસથી કોઇ પણ માણસની સલાહ પૂછ્યા વગર હું ચાલ્યો ગયો (ગલાતી. ૧ ; ૧૬).

મારી સ્ત્રી મારી સાથે રહીને મિશનનું કામ છોડવાનું અને વગર પગારે સુવાર્તા પ્રગટ કરવાનું મારું કામ જરા પણ સાંખી શકી નહિ.

અને આ બાબતે મારા કુટુંબમાં અજબ તોફાન મચાવ્યું. એ તદ્દન ખાતરીની વાત હતી કે પરમેશ્વર જરૂરથી મને બોલાવશે, તેથી મેં જરા પણ ઢીલ કરી નહિ. મારાં એક જ લોહીના સગાંની પણ સલાહ લીધા વિના મેં તેની આજ્ઞાઓ માથે ચઢાવી. સૌથી પહેલાં (સિલોનના) યરૂશાલેમમાં, જ્યાં હું પહેલાં રહેતો હતો, ત્યાં, એટલે તામીલ અને સીંગાલીઝ લોકો રહેતાં હતાં તેઓમાં કામ કરવા પરમેશ્વરે મને બોલાવ્યો. તેણે આ લોકોમાં ઘણાં મોટાં મોટાં અજબ કાર્યો કર્યાં અને તેથી ઘણાં બદલાણ પામીને ખ્રિસ્તની ગમ ફર્યાં. જોકે પૈસા માટે મેં કોઈ પણ જાતનાં ઉઘરાણાં કર્યાં ન હતાં તોપણ તેણે મારી સર્વ ગરજો પૂરી પાડી. કોઇ કોઈ વાર મને પોસ્ટ મારફતે પૈસા મળતા. હું જાણતો ન હતો કે પૈસા ક્યાંથી અને કોણ મોકલે છે. આ વાતથી મારી સ્ત્રીનું હૃદય પણ બદલાઈ ગયું અને તેને પાકી ખાતરી થઈ કે પરમેશ્વર મારો દોરનાર છે.

આ પછી પરમેશ્વરે મને મિ. બ્રબ સાથે ઓસ્ટ્રેલિયા, ઈંગ્લાંડ, સ્કોટલાંડ અને આયર્લાંડ મોકલ્યો. આ સઘળી જગાએ તેણે મારી સંભાળ કરી. સઘળી જગાનાં હવાપાણી મને માફક આવ્યાં અને તેણે પોતાનો મહિમા પ્રગટ કરવા સારુ ઘણા આત્માઓ અમારી પાસે મોકલ્યા. ત્યાંથી મને તેણે હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં મોકલ્યો અને હજારો આત્માઓને બચાવવા મારી પાસે મોકલ્યા. એક પ્રસંગ વિષે હું થોડુંક કહું. તે વખતે પચાસમાના દિવસની પવિત્ર આત્માની વૃષ્ટિ માફક આ સભામાં પણ તેની જ વૃષ્ટિ થઇ હતી. બેએક વર્ષો ઉપર દક્ષિણ હિંદના ત્રાવણકોર શહેરમાં મને ત્યાંના સીરિયન લોકોમાં કામ કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું. જ્યારે હું પહેલવહેલો ગયો ત્યારે પૈસાની મુશ્કેલીનો મોટો સવાલ મારી આગળ ઊભો થયો. આ મુશ્કેલી તો જાણે સર્વ ઠેકાણે હોય છે. એવા ઘણા માણસો મને મળ્યા કે જેઓ પોતાને પવિત્ર આત્માથી ભરપૂર છે એમ કહેવડાવે છે, પરંતુ બિચારા તેઓ આ પૈસા આગળ તો ગુલામ જેવા હોય છે. આવા લોકો માખી જેવા છે કે જેણે ગોળનો રસ ખાવા જતાં તેમાં પોતાની પાંખો ખોઇ નાખી છે.

આ સીરિયન લોકો અમારા ખર્ચ માટે અમને પૈસા કેવી રીતે આપશે એ જાણવા માટે અમે ઘણા જ આતુર થઇ રહ્યા હતા.

મિ. વોડસવર્થ કે જેઓ મારા ખાસ મિત્ર હતા તેઓ પણ મારી સાથે કામ કરવા જોડાયા. અમે કહ્યું કે જે પરમેશ્વર અમને અહીં સુધી તેડી લાવ્યો છે તે જરૂર અમારી સઘળી ગરજો પૂરી પાડશે, માટે મહેરબાની કરીને અમારે માટે કોઇએ પણ પૈસા ઉઘરાવવા નહિ. પરંતુ તેઓ અમારી ભાષા સમજી શકયા નહિ. અમે તેઓની મંડળીમાં અમારું કાર્ય આરંભ્યું. અમે લગભગ બાવીસ મંડળીઓની મુલાકાત લીધી. હજારો લોકોનું બદલાણુ થયું, અને તેઓ ખ્રિસ્તી થયાં. યહોવાહ અમારી સર્વ ગરજો પૂરી પાડતો રહ્યો. અમે પૈસા પાસે ગયા નહિ, પરંતુ એથી ઊલટું પૈસા અમારી પાસે આવતા હતા.

ત્રણ મહિનાના સુવાર્તિક કામ પછી પરમેશ્વરે અમારું આત્મિક જીવન વધારે બળવાન અને દઢ થાય તે માટે અમને કહ્યું, કે થોડાક દિવસો સુધી એક મોટું સ્નેહસંમેલન રાખો. માટે તેની ઇચ્છા અને દોરવણી પ્રમાણે અમે એક જગા પસંદ કરી. મહારમન, કે જે સીરિયન રાજ્યનું મુખ્ય સ્થળ છે ત્યાં તેની નજદીકની એક નદીની રેતીમાં આ જગા હતી. સભાનો પહેલો દિવસ ઘણી જ આકુળવ્યાકુળતા અને ચિંતામાં પસાર થયો, કારણ કે જેઓ બહાર ગામથી અને દૂરથી આવ્યાં હતાં તેઓએ જ્યારે આખું આકાશ કાળાં વાદળાંઓથી છવાઇ ગયેલું જોયું ત્યારે વરસાદ જરૂર ધોધમાર પડશે એવી ધાકથી તેઓ ઘણું જ ગભરાતાં હતાં. સૂર્યના સખ્ત તાપથી બચવા માટે લોકોએ એક જેવો તેવો મંડપ બાંધ્યો હતો, પરંતુ આવું વાતાવરણ જોઇને અમને જરાએ આશા ન હતી કે અમારી સભા મંડપમાં સહીસલામત બેસી શકશે. આથી લોકોના મનમાં એવો સંદેહ પેદા થયો કે યહોવાહ આ સભાનો દોરનાર જ નથી. જો પરમેશ્વરે એવો હુકમ આપ્યો હોય કે આ જગાએ જ સભા ભરવી જોઇએ, તો તે આપણી સભા અટકાવવા આમ શા સારુ વરસાદ મોકલે?

મને તો પરમેશ્વરે ખાતરી આપી કે વરસાદ હું નહિ જ વરસાવીશ, અને લોકોને પણ આ વાત જણાવવા તેણે મને કહ્યું. મેં લોકોને કહ્યું, કે "હું ખાતરીથી કહું છું કે વરસાદ નહિ જ વરસે. આ વરસાદનાં જે ઝીણાં ઝીણાં ફોરાં પડયાં છે તે તો પવિત્ર આત્માની વૃષ્ટિની નિશાની

તરીકે છે, અને હમણાં તે સર્વને તેનાથી વેષ્ટિત કરશે." લોકોએ અમારું માન્યું તો નહિ, પરંતુ થોડાક જ વખતમાં તેઓના મોટા આનંદ અને આશ્ચર્ય સાથે ઘનઘોર આકાશનાં કાળાં વાદળાં અદૃશ્ય થઇ ગયાં, અને આકાશ બિલકુલ સ્વચ્છ બની ગયું. ત્યારે લોકોને તેની શક્તિનો ખ્યાલ આવ્યો અને તેઓએ વિશ્વાસ કર્યો. આ સભા દસ દિવસ સુધી ચાલી. દરરોજ બાર કલાક અને અને કોઇ કોઇ વાર તો પંદર પંદર કલાક સુધી સભાઓ ચાલતી. મિ. જે. એચ. બિશપ બપોરની સભા ચલાવવામાં ઘણી જ મદદ કરતા હતા. અમે ધાર્યું હતું તે કરતાં પણ પરમેશ્વરે વિશેષ ફળ ઉપજાવ્યું. દશ હજાર કરતાંએ વધારે માણસો ખ્રિસ્તી થયાં. સ્ત્રીઓ પણ ઊભી થઇને ઉપદેશ કરવા લાગી. ઘણાએ નાચગાનથી પરમેશ્વરની સ્તુતિ કરી. ઘણા પાદરીઓ પૂછવા લાગ્યા, કે "આ શું થયું?" અમે કહ્યું, કે "તે એજ પરાક્રમ છે કે જેની પચાસમાના દિવસે વૃષ્ટિ થઈ હતી." માણસો એક બીજાને હર્ષથી ચુંબન કરીને ભેટતાં હતાં. પાદરીઓ પગે પડીને દયાની વૃષ્ટિની માગણી કરતા હતા. ઘણાંએ ભરસભામાં પોતાની સાક્ષી આપી અને પાપ કબૂલ કર્યાં. માંદાંઓ પણ સાજાં થયાં. એક એવો બનાવ બન્યો કે એક માણસ મરણ પથારીએ પડયો હતો, અને લોકો તેને ખ્રિસ્તની પાસે લાવ્યા. પ્રભુ ઇસુ ખ્રિસ્તની સ્તુતિ થાઓ કે તેની દિવ્ય શક્તિથી તે તરત જ સાજો થયો. માંદાંઓને સાજાપણું મળે તે માટે લોકો જુદાં જુદાં ગામડાંમાંથી હજારો દરદીઓને અમારી પાસે લાવવા લાગ્યા, પરંતુ લોકો અમારી તરફ જુદી જ રીતે જોતા હતા કે અમે જાણે કોઇ દેવ જેવા છીએ. પરમેશ્વરે લોકોના એવા વિચારોને પોષણ કરવાનું ઉચિત ધાર્યું નહિ, તેથી તેણે અમને આ કામ કરતાં અટકાવ્યા. દશમા દિવસની આખરે જ્યારે અમે વિદાયગીરી લેતા હતા ત્યારે તેઓ મોટે મોટેથી રુદન કરવા લાગ્યા. ઘણાં માણસો મારા ગજવામાં પૈસા નાખવા લાગ્યાં અને મારા ગજવામાં એટલા બધા પૈસા થયા કે તેના વજનથી મને ચાલવું પણ ઘણું મુશ્કેલ થઇ પડયું, તેથી એક માણસે મારી પાસે મારી ચાવીની માગણી કરી. મેં પૂછયું કે "તારા જીવનનું બદલાણ થયું છે? જો એમ જ હોય તો હું તારા પર વિશ્વાસ રાખીને તને મારી ચાવી સોંપું છું." તેણે મારી પેટી

ઉપાડી અને રૂા. ૧૪૭)ની રકમ અંદર મૂકી દીધી. આ પૈસા કંઈ કોઈએ ઉઘરાવ્યા ન હતા, પરંતુ આ કામ તો પવિત્ર આત્માનું હતું. પછી મેં પરમેશ્વરને પૂછ્યું, કે "પ્રભુ, આ પૈસાનું હવે હું શું કરું?" તેણે કહ્યું, કે "તમારા મેં માટે પહેલાં જે જે જરૂરિયાત હોય તે પૂરી કરીને પછી તમારા હાથ નીચે બીજા મદદગાર રાખો." પહેલાં મેં એક મદદગારથી કામ આરંભ્યું, પછી બે થયા અને પછી ત્રણ; અને હમણાં પરમેશ્વરે મારા કાર્યમાં મદદ કરવા સારુ મને છ મદદગાર સોંપ્યા છે. અમારી પાસે કોઈ પણ જાતનું ફંડ નથી. અમારી સઘળી જરૂરિયાતો પરમેશ્વર જ પૂરી પાડે છે. કેવું વિશ્વાસમય જીવન!

મારા વહાલા ભાઈઓ, વહાલી બહેનો, કામદારો, પાદરીઓ અને પાળકો, જ્યારે સર્વશક્તિમાન પરમેશ્વર તમને આ અજબ શક્તિ અને પરાક્રમ વડે—આ અજબ જીવનથી—આ જયવંત જીવનથી ભરપૂર કરશે અને જ્યારે તમને આ સઘળું મળશે, ત્યારે સર્વ જે કંઈ વાંકું છે તે સીધું થશે. શું તમને આવું ભરપૂર જીવન જોઈએ છે? આવું આજે જ નિશ્ચય કરી એક જ નિર્ણય પર આવો. શું તે તમને મળ્યું છે? શું આ ભરપૂર જીવન તમને મળ્યું છે? મેં તમને મારી જે સાહેદી આપી છે તેથી પરમેશ્વર તમને આશીર્વાદિત કરો. મારામાં તો કાંઈ જ નથી, પરંતુ તે મારામાં અને મારી સાથે સર્વકાળ છે.

મારા વહાલાં ભાઈઓ અને બહેનો, તમે આ દિવ્ય પરાક્રમ વગર બહુ દૂર ન જાઓ. હવે એટલે જ રહો. તમે તમારા કોઈ પણ પસંદ કરેલા સ્થળે ન જાઓ. આ પરાક્રમ વગર તમને ઘડીભર પણ ચાલશે નહિ. તે વગર તમે ઉપદેશ પણ ન કરો. તેના વગર તમને ઉપદેશ કરવાનો હક જ નથી. હા, તમે સંપૂર્ણ શુદ્ધિકરણ માટે વિશ્વાસ રાખો. પ્રભુ ઈસુ ખ્રિસ્તને તમારા પોતાના કરી લો, અને આ ભરપૂર જીવન મેળવો. જેવી રીતે તમે વિશ્વાસથી તારણ પામ્યા છો તેવી જ રીતે તમે વિશ્વાસથી આ ભરપૂર જીવન પણ પામો. "એ માટે કે ઇબ્રાહીમનો આશીર્વાદ ખ્રિસ્ત ઈસુમાં વિદેશીઓને મળે, અને આપણે [પવિત્ર] આત્મા વિષેનું વચન વિશ્વાસથી પામીએ" (ગલાતી. ૩; ૧૪). તમે પણ મારી સાથે કહો કે "પરમેશ્વર એમ કહે છે, તે હું માનું છું. તે મારામાં છે, તેને માટે હું તેનો આભાર માનું છું."

Printed and Published for the Gujarat Tract and Book Society by Rev. R. S. Dickey at the Mission Press, Surat.

1st Edition] 1941 [*1,000 Copies*